# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

**************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારમાં 13 હજાર કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.**
2. **ભારતની અગ્રણી ગેમિંગ કંપનીઓએ તેમના પ્લેટફોર્મ પર વાસ્તવિક નાણાં સાથે સંકળાયેલી રમતોને સ્થગિત કરવાનું શરૂ કર્યું.**
3. **સર્વોચ્ચ અદાલતે દિલ્હી- NCRમાં રખડતા કૂતરાઓ અંગેના તેના અગાઉના નિર્દેશમાં ફેરફાર કર્યો.**
4. **દક્ષિણ અમેરિકાના ડ્રેક પેસેજ વિસ્તારમાં 7.5ની તીવ્રતાના ભૂકંપના આંચકા.**
5. **જમ્મુ-કાશ્મીરમાં ખેલો ઇન્ડિયા વૉટર સ્પૉર્ટ્સ ફેસ્ટિવલમાં મોહસિન અલીએ પહેલો સુવર્ણ ચંદ્રક જીત્યો.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM - BIHAR/WB VISIT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , ઓપરેશન સિંદૂરે ભારતની સંરક્ષણ નીતિમાં એક નવી રેખા દોરી છે. આજે બિહારના ગયામાં અંદાજે 13 હજાર કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ જાહેરસભાને સંબોધતા આ મુજબ જણાવ્યુ. શ્રી મોદીએ ગયા અને દિલ્હી વચ્ચે અમૃત-ભારત એક્સપ્રેસ તથા વૈશાલી અને કોડરમા વચ્ચે બૌદ્ધ સર્કિટ ટ્રેનને લીલી ઝંડી આપી. તેમણે ગંગા નદી પર બનેલા ઓંટ સિમરિયા પુલનું પણ ઉદ્ઘાટન કર્યું. આ ઉપરાંત તેમણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-31ના ચાર-માર્ગીય બખ્તિયારપુર-મોકામા સેક્શનનું ઉદ્ઘાટન તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ઘરોની ચાવીઓ સોંપી. આ પ્રસંગે જાહેરસભાને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું , ગયાના ઝડપી વિકાસ માટે બિહારની ડબલ એન્જિન સરકાર સતત કામ કરી રહી છે.

**(બાઇટ : PM-ON-PROJECTS)**

શ્રી મોદીએ ઉમેર્યું , આતંકવાદીઓ ગમે તે જગ્યાએ સંતાઈ જાય ભારતની મિસાઈલો તેમનો સફાયો કરશે.

**(બાઇટ : PM--ON-TERROISM)**

# PM - BIHAR/WB VISIT-2

પ્રધાનમંત્રી આજે સાંજે પશ્ચિમ બંગાળના કોલકાતામાં નવા બનેલા વિભાગો પર મેટ્રો ટ્રેન સેવાનું ઉદ્ઘાટન કરશે. તેઓ જેસોર રોડ મેટ્રો સ્ટેશનથી જય હિંદ વિમાનબંદર સ્ટેશન સુધી મેટ્રોમાં મુસાફરી કરશે. ત્યારબાદ તેઓ કોલકાતામાં પાંચ હજાર બસો કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

. . . . . . . . . . . . . . .

# GAMING BILL IMPACT

ઓનલાઈન ગેમિંગ પ્રોત્સાહન અને નિયમન ખરડો 2025 સંસદમાંથી પસાર થયા બાદ, ડ્રીમ સ્પોર્ટ્સ, ગેમ્સક્રાફ્ટ, મોબાઈલ પ્રીમિયર લીગ અને ઝુપી સહિત ભારતની અગ્રણી ગેમિંગ કંપનીઓએ તેમના પ્લેટફોર્મ પર વાસ્તવિક નાણાં સાથે સંકળાયેલી રમતોને સ્થગિત કરવાનું શરૂ કરી દીધું છે.

આ ખરડામાં તમામ ઓનલાઈન મની ગેમ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જ્યાં ખેલાડીઓ નાણાકીય વળતરની અપેક્ષા સાથે પૈસા દાવ પર લગાવે છે . વધુમાં, આ ખરડાએ અધિકારીઓને કોઈપણ જગ્યાની તપાસ કરવાની અને ઉલ્લંઘનની શંકા હેઠળ કોઈપણ વ્યક્તિની વોરંટ વિના ધરપકડ કરવાની સત્તા આપી. સરકારે ઓનલાઈન મની ગેમિંગથી વ્યસન , નાણાકીય નુકસાન અને ગુનાના વધારાને ટાંકીને આ ખરડો પસાર કર્યો.

. . . . . . . . . . . . . . . . . . . . .

# NDA MP - RADHAKRISHNAN

રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન- **NDA**ના સાંસદો આજે નવી દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણનને મળ્યા અને તેમનું સન્માન કર્યું. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી, મનોહર લાલ, અર્જુન રામ મેઘવાલ, હર્ષ મલ્હોત્રા અને દિલ્હી, હરિયાણા અને રાજસ્થાનના સાંસદોએ ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી પહેલા રાધાકૃષ્ણનને શુભેચ્છાઓ પાઠવી.

ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી 9મી સપ્ટેમ્બરે યોજાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી આજે થશે. આ 17મી ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી હશે.

. . . . . . . . . . .

# BHUPENDER - IBCA

કેન્દ્ર સરકારે સંયુક્ત રાષ્ટ્ર (વિશેષાધિકાર અને પ્રતિરક્ષા) અધિનિયમ , 1947 હેઠળ આંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સ , તેના પ્રતિનિધિઓ અને અધિકારીઓને વિશેષાધિકાર અને પ્રતિરક્ષા અંગે જાહેરનામું બહાર પાડ્યું છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં , કેન્દ્રીય પર્યાવરણ , વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે આ મહત્વપૂર્ણ પગલું મોટી બિલાડીઓ એટલે કે વાઘ , સિંહ, દીપડા, ચિત્તાના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત બનાવવાની ભારતની અડગ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

તેમણે કહ્યું કે , મોટી બિલાડીઓનું સંરક્ષણ તેમના માળખા અને ગ્રહના સુખાકારીના સંરક્ષણમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

. . . . . . . . .

# SC STRAY DOGS

સર્વોચ્ચ અદાલતે દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં રખડતા કૂતરાઓને પકડવા અને સંપૂર્ણ સ્થાનાંતરણ માટે તેના અગાઉના નિર્દેશોમાં ફેરફાર કર્યો છે.

એક નવા આદેશમાં , ન્યાયાધીશ વિક્રમનાથ , સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠે ઉપાડેલા રખડતા કૂતરાઓને નસબંધી અને રસીકરણ પછી તેમના પોતાના ક્ષેત્રમાં છોડી દેવા જણાવ્યું છે.

ન્યાયાધીશ નાથની આગેવાની હેઠળની ખંડપીઠે જાહેર ખોરાક પર પ્રતિબંધ મૂકતા રખડતા કૂતરાઓ માટે અલગથી ખોરાક આપવાની જગ્યાઓ બનાવવા પર ભાર મૂક્યો.

દિલ્હી-એનસીઆરની બહાર કાર્યવાહીનો વ્યાપ વિસ્તારતા , સર્વોચ્ચ અદાલતે તમામ કેન્દ્રશાસિત પ્રદેશો અને રાજ્ય સરકારોને રખડતા કૂતરાઓ પર સમગ્ર ભારતમાં નીતિ બનાવવા માટે પ્રેરિત કર્યા અને વિવિધ વડી અદાલતમાં પેન્ડિંગ સમાન અરજીઓને પોતાને તબદીલ કરવા જણાવ્યુ.

. . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

……

# ISRO-GAGANYAN

દેશનું પ્રથમ માનવ રહિત અવકાશ મિશન-ગગનયાનની પ્રથમ પરીક્ષણ ઉડાન અર્ધ માનવ રોબોટ વ્યોમમિત્રની સાથે આ વર્ષે ડિસેમ્બરમાં થવાની શક્યતા છે.

નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ઈસરોના અધ્યક્ષ વી. નારાયણને જણાવ્યુ, અત્યાર સુધીમાં 80 ટકા પરીક્ષણો એટલે કે અંદાજે સાત હજાર 700 પરીક્ષણો કરાયા છે. તેમણે ઉમેર્યું હતું કે બાકીના બે હજાર 300 પરીક્ષણો આવતા વર્ષે માર્ચ સુધીમાં પૂર્ણ થશે.

ઇસરોની અન્ય સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા શ્રી નારાયણને જણાવ્યું હતું કે આ વર્ષે અત્યાર સુધીમાં 196 સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે જેમાં GLEX-2025 અને હાઇ થ્રસ્ટ ઇલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમનો સમાવેશ થાય છે. તેમણે નોંધ્યું હતું કે યુએસએના 6 હજાર 500 કિલોગ્રામના સંચાર ઉપગ્રહને ભારતીય લોન્ચપેડ પરથી લોન્ચ કરાશે.

. . . . . . . . .

# US - EARTHQUAKE

દક્ષિણ અમેરિકાના ડ્રેક પેસેજ વિસ્તારમાં શક્તિશાળી ભૂકંપનો આંચકો અનુભવાયો. અમેરિકા ભૂસ્તર-વિજ્ઞાન સર્વેક્ષણ વિભાગે ભૂકંપની તીવ્રતા પહેલા આઠ જણાવી બાદમાં તેને ઘટાડીને સાડા સાત કરવામાં આવી. 10 કિલોમીટરની ઊંડાઈએ ભૂકંપનું કેન્દ્ર નોંધાયું , જોકે યુએસ સુનામી ચેતવણી સંસ્થા એ સુનામીની કોઈ ચેતવણી જાહેર કરી નથી.

ડ્રેક પેસેજ ક્ષેત્ર દક્ષિણ અમેરિકામાં કેપ હોર્ન અને એન્ટાર્કટિકામાં દક્ષિણ શેટલેન્ડ ટાપુઓ વચ્ચે આવેલો છે , જે એટલાન્ટિક અને પેસિફિક મહાસાગરોને જોડે છે.

. . . . .

# PM-SWARAJ PAUL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ **NRI** ઉદ્યોગપતિ સ્વરાજ પોલના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે યુકેમાં ઉદ્યોગ , પરોપકાર અને જાહેર સેવામાં પોલનું યોગદાન અને ભારત સાથે ગાઢ સંબંધો માટે તેમનું અતૂટ સમર્થન હંમેશા યાદ રાખવામાં આવશે. પ્રધાનમંત્રીએ તેમની વાતચીતને પણ યાદ કરી.

. . . . . . . . . .

# NAGALAND-DISPUTED AREA BELT

નાગાલેન્ડ અને આસામની સરકારો વિવાદિત વિસ્તાર પટ્ટા- DAB માં વૃક્ષારોપણ સહિત ભવિષ્યની તમામ પ્રવૃત્તિઓ સંયુક્ત રીતે હાથ ધરવા સંમત થઈ છે. નાગાલેન્ડના મુખ્ય સચિવ કાર્યાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે , રાજ્ય સરકારોએ તાજેતરમાં DAB માંથી ગેરકાયદેસર ઘુષણખોરોને સંયુક્ત રીતે બહાર કાઢવાની ઝુંબેશ હાથ ધરી હતી. જોકે, તેમાં કહેવામાં આવ્યું છે કે, આસામ દ્વારા આ વિસ્તારમાં વાવેતર પ્રવૃત્તિઓને કારણે તણાવ સર્જાયો હતો.

આ મુદ્દાને ઉકેલવા માટે , નાગાલેન્ડ અને આસામના મુખ્યમંત્રીઓએ ચર્ચા કરી અને નિર્ણય લીધો કે DAB માં બધી પ્રવૃત્તિઓ બંને રાજ્યો દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ASSAM RIFLES MANIPUR MAPPING

મણિપુરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી એન. બિરેન સિંહે ગયા વર્ષે ડિસેમ્બરથી ભારતમાં પ્રવેશેલા 42 હજાર મ્યાનમાર નાગરિકોના બાયોમેટ્રિક્સ રેકોર્ડ કરવા અને અન્ય વિગતો ચકાસવા બદલ આસામ રાઇફલ્સની પ્રશંસા કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંહે લખ્યું કે , વિદેશી નાગરિકોના પ્રવેશને નિયંત્રિત કરવા તરફ આ એક સકારાત્મક પગલું છે.

અગાઉ, આસામ રાઇફલ્સના મહાનિર્દેશક લેફ્ટનન્ટ જનરલ વિકાસ લાખેરાએ જણાવ્યું હતું કે મેપિંગ કવાયતની માહિતી તમામ સરકારી સસ્ન્થઓ સાથે શેર કરવામાં આવી છે.

. .

# KHELO INDIA WATER SPORTS

જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં ખેલો ઇન્ડિયા વૉટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં ગઈકાલે 17 વર્ષના મોહસિન અલીએ પહેલો સુવર્ણ ચંદ્રક જીત્યો છે. હાલ ઝીલમાં શિકારા એટલે કે, પાણી પર તરતી નાની હૉટેલ ચલાવતા મોહસિન અલીએ એક હજાર મીટર કાયાકિંગ સ્પર્ધામાં ચાર મિનિટ , 12.41 સેકન્ડનો સમય લઈ ઓડિશા અને મધ્યપ્રદેશના સ્પર્ધકોને મ્હાત આપી.

જ્યારે ઉત્તરપ્રદેશના વિશાલ કુમારે પુરુષોની એક હજાર મીટર કેનો સિંગલ્સમાં ચાર મિનિટ 3.59 સેકન્ડનો સમય લઈ સુવર્ણ ચંદ્રક જીત્યો. મહિલાઓની 200 મીટર કૅનો સિંગલ્સ સ્પર્ધામાં ઓડિશાનાં રસ્મિતા સાહૂએ 53.59 સેકન્ડનો સમય લઈ સુવર્ણ ચંદ્રક જીત્યો. તેઓ કેરળ અને મધ્યપ્રદેશના ખેલાડીઓથી સામાન્ય અંતરથી આગળ રહ્યા.

. . . . .